ગાંધીનગર સમાચાર

## સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા

## શહેરમાં ક્યાં વરસાદી પાણી ભરાયા

ઘ માર્ગ પર ઘ-૭ પ્રેસ સર્કલ પાસે
સ્વર્ણિમ પાર્ક નજીક ઉઘોગ ભવન પાસે
કલેક્ટર કચેરી પાસે પાણીનો ભરાવો
ઈન્ફોસીટી પાસેના સર્વિસ માર્ગ પર
ઉઘોગભવનના સંકુલ ● જિલ્લા પંચાયત ભવન નજીક
ફાયર બ્રિગેડ કેમ્પસ ● સિવિલ હોસ્પિટલ ગેટ
સ્વર્ણિમ સંકુલની આસપાસનો વિસ્તાર
સચિવાલય ગેટ નં-૧ પાસેના પાર્કીંગમાં
જુના સચિવાલયથી ચ માર્ગને જોડતા માર્ગ પર
સે-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં
સે-૧૧ પોસ્ટ ઓફિસ પાસે અને ઘ- ૪ સર્કલ ફરતે
સે-૨ -૭ની ચોકડી પાસે ઉપરાંત સે-૭ શોપિંગ સેન્ટરના વિસ્તારમાં
સે-૩ રીંગ રોડ જળબંબાકાર
સે-૩ સી શિવશકિત ચોક પાસેનો કોમન પ્લોટ
વાવોલ શાલીન ૩ રો હાઉસ સામે
અંકુર ફલેટ પાસે વાવોલ પ્રા શાળા પાસે
સે- ૩- ૬ પાસે

## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

માંડે છે ...એક નવુ, નોખુ કદમ

ગાંધીનગરના તમામ કલાકારો-કલાસંસ્થાઓના આશીર્વાદ અને સહયોગથી બનાવશે આર્ટીસ્ટ ડિરેક્ટરી - "રાજધાનીના રતન" ગાંધીનગર શહેર-જિલ્લામાં વસતા અને જિલ્લાના વતનીઓ માટે

(૧) રંગમંચલક્ષી (Performing Arts) કલાના કલાકારો (એટલે કે સંગીત, નાટક, નૃત્યના કલાકારો) આમંત્રિત છે. આ કળામાં ઉદ્ઘોષણા કરતા અને જાદુકળાના કલાકારો પણ સામેલ થઈ શકશે.
(૨) લલિતકલા (એટલે કે ચિત્રકલા, શિલ્પકલા અને છબિકલા) ના કલાકારો આમંત્રિત છે. આ કળા સાથે માટી કલા અને 'વેસ્ટમાંથી બેસ્ટ'ની કૃતિ સર્જતા કલાકારો પણ સામેલ થઈ શકે.
(૩) ગાંધીનગર શહેર - જિલ્લાની તમામ કલાસંસ્થાઓને પણ સામેલ થવા આગ્રહભર્યુ આમંત્રણ છે.
(૪) નિયત પ્રવેશપત્ર બાજુમાં દર્શાવેલ સરનામેથી મેળવી તા.૧૫ ઓગસ્ટ ૨૦૧૫ સુધીમાં પરત કરવા અનુરોધ છે.

ડિરેક્ટરી શક્ય તેટલી જલદી પ્રગટ કરવાનું વિચાર્યુ છે. તેથી સહકાર આપવા ખાસ વિનંતી છે.

**ડિરક્ટરી માટેનાં ફોર્મ મેળવવા તથા પરત કરવા માટેના સ્થળો**

| | | |
|---|---|---|
| ગગુભા રાજ "ડેલી" પ્લોટ નં. ૯૦૪/૧ સેક્ટર - ૪-ડી, મો.નં. ૯૮૨૪૦ ૬૫૦૯૪ | કલ્પેશ ભટ્ટ, બ્લોક નં. ૮૯/૩, 'ચ' ટાઇપ, સેક્ટર-૨૦, (મો.) ૯૮૨૫૪ ૦૯૦૦૪ | જગદીશ નાયક પ્લોટ નં. ૧૩૧૧/૧, સેક્ટર - ૨-બી, (મો) ૯૮૭૯૫ ૨૬૨૯૭ |
| દિનેશ ચૌહાણ બ્લોક નં. ૧૪૩/૫, બી-૧ ટાઇપ, કડી સ્કૂલની સામે, સેક્ટર-૨૩, મો. નં. ૯૯૭૮૪૪૦૧૨૬ | પરમજીતકૌર એન. છાબડા ટાઇપ-૨, બ્લોક નં. ૧૪/૩, જી.ઇ.બી. કોલોની, ગાંધીનગર. મો. નં. ૯૪૨૮૧ ૫૧૪૩૬ | |

**ડિરેક્ટરીમાં સામેલ થવા માટે કોઇ ફી નથી તથા સમાવિષ્ટ તમામ કલાકારોને ડિરેક્ટરી વિનામૂલ્યે અપાશે.**

મનોજ શુકલ મંત્રી-૯૮૨૫૮૭૯૫૨૯ | રમેશ પટેલ પ્રમુખ

# ગાંધીનગર શહેરમાં જળબંબાકાર

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં છેલ્લા ૪૮ કલાકમાં ૮ ઈંચ વરસાદ વરસતા ચારેકોર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. શહેરમાં ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત આંતરિક વિસ્તારોમાં વરસાદી સમયથી વર્તાતા અસહ્ય ઉકળાટ બાદ શનિવારે મોડી રાતથી મેઘરાજાની મહેર થતા મૌસમનો મિજાજ નિખર્યો છે. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ શહેરમાં ઠંડકનુ મોજુ પ્રવર્તવાની સાથે ચોમેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે.છેલ્લા ૪૮ કલાકમાં શહેરમાં ૮ ઈંચ વરસાદ થતા યથાવત રહેતા શહેરમાં નજર નાંખો ત્યાં વરસાદી પાણી વચ્ચે ગારો, ગંદકી અને કાદવ કિચ્ચડ જોવા મળે છે. સતત વરસાદના લીધે શહેરના મુખ્ય માર્ગ પર પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. વરસાદી પાણીએ નગરને બાનમાં લેતા નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. મેઘરાજા મનમુકીને વરસી

### સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો : કોમન પ્લોટ બેટમાં ફેરવાયા : ઠેર ઠેર કાદવ કિચ્ચડ અને ગંદકી

પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. સેકટરોના કોમન પ્લોટ જાણે બેટમાં ફેરવાઇ ગયા હતા.શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા માર્ગો પર રૂકાવટના દ્રશ્યો સર્જાયા હતાં. વરસાદથી ચોમેર પાણી ભરાઈ જતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. બે દિવસના વરસાદી વાતાવરણથી નગરમાં નજર નાંખો ત્યાં વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડતી હતી.

શહેરમાં છેલ્લા ઘણાં સેકટરોમાં વરસાદી પાણી છલકાયા હતા. સેકટરોમાં નજર નાંખો ત્યાં માત્ર પાણી જ પાણી જોવા મળી રહયુ છે. અલબત્ત કેટલીક જગ્યાએ વરસાદી પાણીનો ભરાવો થતા નિચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા છે. સેકટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડે છે. તો શેરીઓનો કચરો તણાંઇને વરસાદી પાણી સાથે વહેતો થતા ગંદકી પણ અસહ્ય બની છે. વરસાદી વાયરો પડતા ચોમેર જળબંબાકારની સ્થિતિએ તંત્રને પણ દોડતુ કરી દિધુ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે વરસાદી પાણીનો ઝડપથી દુર થતુ નથી. શહેરના જુના અને નવા સેકટરો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો વરસાદી પાણીમાં ઘમરોળાયા છે. મેઘરાજાના ધમાકેદાર આગમન સાથે અવનવી સમસ્યાઓ પણ આમ નાગરિકો માટે મુસીબતનુ કારણ બની છે.









(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

સેકટર 6D,સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.

પ્રવેશ ફી ફકત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઇડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ફીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

सत्यमेव जयते
NATIONAL RURAL HEALTH MISSION
राष्ट्रीय ग्रामीण स्वास्थ्य मिशन

# વિશ્વ હીપેટાઈટીસ દિવસ ૨૮ જુલાઈ

## હીપેટાઈટીસ B - ડરીશું નહી - જીતીશું

### આપના નવજાત બાળકનું સંપૂર્ણ રસીકરણ કરાવો અને હીપેટાઈટીસ B પર વિજય મેળવો



બાળકના જન્મ બાદ ૨૪ કલાકની અંદર પ્રથમ રસી અને પ્રથમ વર્ષમાં વધુ ૩ રસી મુકાવો

હીપેટાઈટીસ-B સહિત બધી જ રસીઓ
સરકારી આરોગ્ય કેન્દ્રો પર નિઃશુલ્ક પ્રાપ્ય છે
કૃપા કરી આપના નજીકના આરોગ્ય કેન્દર, આશા અને એએનએમથી સંપર્ક કરો

davp 17102/13/0026/1516

www.mohfw.nic.in, www.pmindia.gov.in, www.mygov.in

સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા તરફ
बेटी बचाओ बेटी पढ़ाओ
સમજદારી દેખાડો આપના બાળકનું સંપૂર્ણ રસીકરણ કરાવો

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com